# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૬-B તા.૨૬-૦૯-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ૧૨ થી ૧૪ વર્ષ અને ૧૫ થી ૧૭ વર્ષની વયના રમતવીરો માટે 'ઈન્ડિયન ટાઈગર્સ એન્ડ ટાઈગ્રેસ' પહેલ હેઠળ ટીવી.૯ દ્વારા ફુટબોલ માટે ટેલેન્ટ આઈડેન્ટિફિકેશન પ્રોગ્રામ બાબત.

સંદર્ભ :- ક્રમાંક : DPE/SKL/e-file/105/2024/5055/Sankalan તા.૨૪-૦૯-૨૦૨૪ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, યુવાનોમાં રમતગમત અને ફૂટબોલ સંસ્કૃતિના વિકાસ માટે ૧૨ થી ૧૪ વર્ષ અને ૧૫ થી ૧૭ વર્ષની વયના રમતવીરો માટે 'ઈન્ડિયન ટાઈગર્સ એન્ડ ટાઈગ્રેસ' પહેલ હેઠળ ટીવી.૯ દ્વારા ફુટબોલ માટે ટેલેન્ટ આઈડેન્ટિફિકેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૨૦ છોકરા અને ૨૦ છોકરીઓની પસંદગી કરી નિષ્ણાંત કોચ દ્વારા તાલીમ આપવામાં આવશે. તમારી શાળાના ફૂટબોલ રમતમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓનું વેબસાઈટ : https://www.indiantigersandtigresses.com પર રજીસ્ટ્રેશન કરવા જણાવવામાં આવે છે. રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૪ છે.

તા.૨૬-૦૯-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી